સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સૂકાં આશ્વાસને ચીન શબ્દોની ઘાણી કરી ગયું!
ને ખાણી-પીણીમાં કરોડોની ઉજાણી કરી ગયું!
ને કરી લ્હાણી અબજોની સાચા મિત્ર નવાઝ ને-
ચીનની પગચંપી પર બધું પાણી ફરી ગયું!

હાઈકુ

કરાવે ચિંતા!
ભાજપને 'રાહુલ'-
ઘર વાપશી..

કરાવે ચિંતા
સંજય જોષીની ય
ઘર વાપશી..

ચિંતન

તૃષ્ણે કૃષ્ણે અપિ તે શક્તિદૃષ્ટા મર્ત્યેષુ કા કથા । ત્રૈલોક્યવ્યાપિ યદ્રુપે તદ્રૂપં વામની કૃતમ્ ॥

'હે દેવી તૃષ્ણા ભગવાન શ્રી કૃષ્ણ જે ત્રણે લોકમાં વ્યાપ્ત છે અને અર્જૂન સમક્ષ જે વિરાટ સ્વરુપે વિદ્યમાન હતા તેના ઉપર પણ તારી શક્તિની અસર જોવા મળી છે આવા ભગવાન પણ જયારે યાચક બની તૃષ્ણામાં - ચક્કરમાં આવી જાય ત્યારે તું આવા વિરાટને પણ વામન શકી છે.'

આબરુદાર - માણસ, લાચારીમાં ન છૂટકે જયારે કોઇની પાસે હાથ લંબાવે છે ત્યારે એની પરિસ્થિતિ ખૂબ જ વિકટ - સંકોચશીલ હોય છે યાચના માટે શબ્દો મળતા નથી. જીભ થોથવાય છે. ધ્રૂજારી અનુભવાય છે. શરમમાં મસ્તક ઝૂકી જાય છે.

અહીં ત્રણે લોકના નાથ, લક્ષ્મીજીના પતિ એવા ભગવાન વિષ્ણુ - કૃષ્ણાવતારમાં જયારે બલિરાજા પાસે ત્રણ પગલાં જમીન માગવા ગયા ત્યારે 'વામન' થવું પડ્યું હતું.

યાચક હંમેશાં નાનમ અનુભવે છે.

સુવિચાર

- અંતે મોત આશ્ચર્ય નથી પમાડતું, પણ જીંદગીમાં લડવાની તાકાતનું પ્રમાણ આશ્ચર્ય પમાડી શકાય છે - જેફ્રી આર્ચર
- બૂરાઇ કરવાની તકો તો દિવસમાં સો વખત આવે છે, પણ ભલાઇ કરવાની તક વર્ષમાં ફક્ત એક જ વખત આવે છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- કોઇ પણ કામ કરવું હોય તો આપણી પોતાની બુદ્ધિના ત્રાજવામાં તોળીને યોગ્ય લાગે તે કરવું, લોકોની ટીકા સાંભળીને કાર્ય કરીએ તો તેમાં સફળતા નહીં મળે - એસ. ભટ્ટાચાર્ય
- સાચી પ્રશંસાના શબ્દો હૃદયની નીપજ છે જયારે ખુશામત વખતે નીકળતા શબ્દો માત્ર બહારના હોઠની નીપજ છે.. પ્રશંસા નિઃસ્વાર્થ, જયારે ખુશામતમાં સ્વાર્થ છે. પ્રશંસા પ્રામાણિક હોય છે, ખુશામત એ પ્રમાણિક હોય છે - જનકલ્યાણ
- ભૂખ્યા સમક્ષ પરમાત્મા પણ રોટલારૂપે જ આવી શકે છે - ગાંધીજી
- પરમાત્માનો ડર એ ડહાપણની શરુઆત છે - ઝેન કથન
- ધીરજ આપણામાં રહેલી નિર્બળતામાં સહાયક છે - પંચતંત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માણસ - જન્મે ત્યારે બધાં બાળક સરખાં જ હોય છે. પણ એમનો ઉછેર, એના ઉછેરની આસપાસનું વાતાવરણ, ઘર અને શાળા તથા મિત્રો તરફથી મળતાં સંસ્કારથી વાણી-વર્તન-સ્વભાવ અને વિવેક થાય છે.

રાજા, મંત્રી અને સૈનિક શિકારે નિકળ્યા. શિકાર પાછળ દોડતાં વિખૂટા પડી ગયા અને રસ્તો દિશા પણ ભૂલી ગયા.

ત્યાં, વનમાં એક પ્રજ્ઞાચક્ષુ સંત લીમડાના ઓટલે બેઠા હતા.

સૈનિક આવ્યો. કહ્યું - ઓ! બાવાજી! નગર તરફનો રસ્તો બતાવ! હું ભૂલો પડ્યો છું.

સંતે વિનય પૂર્વક રસ્તો સમજાવી દીધો.

થોડીવાર પછી મંત્રી આવ્યા. એણે કહ્યું - સાધુ મહારાજ, હું ભૂલો પડેલો પથિક છું મને નગર તરફ જવાનો રસ્તો સમજાવશો?

સંતે એને પણ માર્ગદર્શન આપ્યું.

થોડીવારે ફરી રાજા એ જ રસ્તેથી પસાર થયો. કહ્યું, મહાત્માજી હું આપને વંદન કરું છું. હું મારા નગર તરફ જવાનો રસ્તો ભૂલી ગયો છું કૃપા કરી મને મદદ કરશો?

સંત કહે - હા, મહારાજ! હમણાં જ તમારા મંત્રી અને સૈનિક પણ અહીંથી જ પસાર થયાં છે..

રાજાએ પ્રજ્ઞાચક્ષુ સંતને પુછ્યું, તમે મને કેમ ઓળખી શક્યા?

મહારાજ! માત્ર ભાષાથી જ હું આપ ત્રણેને ઓળખી ગયો છું.

Email - sureshchandrabhatt18@gmail.com

દુઃખ અને સુખની વાત ભુલ ભુલામણી જેવી હોય છે, એકવાર તેમાં અટવાઇ ગયા પછી કોઇ તેમાંથી જલદી બહાર નીકળી શકતું નથી, પટલાણી પણ તેમાં અટવાઇ પડી

નવાં કલેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

આગળ આગળ પટલાણી ને પાછળ પાછળ ભૂત પટલાણીને ઘેર પહોંચી ગયો. પટલાણી ઘરમાં ઘુસે એ પહેલાં ભૂત ખાટલો ઢાળી દીધો અને લોટામાં ઠંડુ પાણી તથા ગરમાગરમ ચ્હા પઇ તેની સામે આવીને ઊભો રહી ગયો. આવું તે કંઇ થાય. એ તો પટલાણીએ સપનામાં પણ વિચાર્યું ન હતું. ગમે તેવી થાકેલી હોય તો ય પટેલ માટે ખાટલો એ જ ઢાળતી. તને પણ તારું પોતાનું કંઇ કામ કરવાનું ન થાય છે?

દુઃખતી રગ પર કોઇ પરાયો માણસ હાથ રાખે એ પટલાણીને ગમ્યું નહીં. તે બોલી, 'જો, હું જે રીતે જીવું છું, તેમાં સુખી છું. તારે એ બધાથી શું લેવાદેવા. તું ભૂત તો તારા ઘરનો, મારા અને પટેલના વચ્ચે ઝઘડા કરાવવાની વાત ના કર, પટેલનું ને મારું ઘર કંઇ જુદું નતી. તેનું કામ એ મારું કામ છે. તેનું મન એ મારું મન અને તેની ઇચ્છા એ મારી ઇચ્છા.'

'પટલાણી, હું ઝગડો કરવા માંગતો નથી, તારા પટેલની વાત પણ આમાં નથી. હું તો બધા પુરુષોની વાત કરું છું. બધા જ પુરુષો એમ સમજે છે કે સ્ત્રીની કાયા-માયા બધું તેમના માટે જ છે. સ્ત્રીનું પોતાનું તો કંઇ હોતું જ નથી. સ્ત્રી સવારે પુરુષના ઉઠ્યા પહેલાં ઊઠી જાય છે અને રાતે તેના સુતા પછી સુવે છે. ઘરમાં કામો કરવામાં એનો દિવસ પુરો થઇ જાય છે. છતાં પુરુષ તેના કામને કામ સમજતા નથી. એ તો એમ જ વિચારે છે કે કામ કરવાની અને પતિની સેવા કરવાની બધી જવાબદારી સ્ત્રીની જ છે. પુરુષનું તો એક જ કામ છે. સ્ત્રી પર હુકમ ચલાવાવા નું. તારી વાત ખોટી નથી. જેવું પટેલનું ઘર અને કામ એવું તારું. બંને બિલકુલ એક હોય એવું બને. પણ તારું મન અને પટેલનું મન અલગ અલગ છે. દરેક માણસનું મન અલગ હોય છે. તેને કોઇ સમજવાની કોશિશ કરે તો પણ સમજી શકતું નથી. હું પણ ફક્ત કોશિશ જ કરું છું. બીજાનાં સુખ દુઃખને સમજવામાં અને વહેંચવામાં માણસ હરામખોરી કરી શકે. ભૂત એવું ક્યારેય ન કરે.'

દુઃખ અને સુખની વાત ભુલ ભુલામણી જેવી હોય છે. એકવાર તેમાં અટવાઇ ગયા પછી કોઇ તેમાંથી જલદી બહાર નીકળી શકતું નથી. પટલાણી પણ તેમાં અટવાઇ પડી.

પટેલ ખેતરથી આવે ત્યારે પટલાણી તેના માટે ખાટલો ઢાળતી. દોડીને પાણી આપતી અને ચ્હા બનાવી લાવતી. ચ્હા પાણી પી ને પટેલ ખાટલા પર લંબાવતો. હાથ પકડીને ક્યારેય પટલાણીને પોતાની પાસે બેસવાનું કહ્યું હોય એવું તેને યાદ નથી. તે વિચારવા લાગી. ખેતરમાં બળદ લઇ જઇને ખેતર ખેડવું એ જ શું એકલું કામ કહેવાય. ઘરનાં કામ, છાંણવાસીદાં, વાણસ માંજવાં કે લુઘડાં ધોવાં એ બધાં કામ નથી? મનની વાત અને પાણી પણ એ જ લાગતી. ભૂતની આ સેવા ચાકરી જોઇને પટલાણીના મનમાં તેના માટે દયા ઉપજી આવી. તે બોલી, 'તું પણ પાણી પી લે, તું ય ચાલીને આવ્યો છું.'

'પટલાણી હું ક્યાં ચાલીને આવ્યો છું. તું મારી સાથે હતી એટલે હું તો ઉડતો ઉડતો આવ્યો છું.' ભૂતે કહ્યું.

પટલાણી બેસી ગઇ, પાણી પીવા લાગી. ભૂત દોડતો અંદર ગયો અને પટલાણીની ઘરનું બધું કામ એ રીતે પતાવવા લાગ્યો જાણે તેને રોજની આદત ન હોય. પટલાણી તો ફાટી આંખે તેને જોતી જ રહી ગઇ. ભૂતે બધાં કામ એટલી જલ્દી અને ચીવટપૂર્વક કર્યા કે એ રીતે પટલાણી તો શું એની માં પણ ક્યારેય કરી ન શકે. આખા દિવસનું કામ ચપટી વગાડતામાં પુરું કરી ભૂત ખાટલાની પાંગતે પટલાણી પાસે આવી બેસી ગયો. પટલાણીને મજબૂર થઇને પુછવું પડ્યું 'બોલ તું શું કહેવા માંગે છે. હવે હું તારી બધી વાત સાંભળીશ.'

રોજ રોજ એક સરખાં ઘરનાં કામ, છાણ વાસીદાં, સાફ સફાઇ, રાંધવા ખાવાનું અને વાસણો ઘસીને પટલાણીનું મન અંદરથી થાકીને ફૂસ થઇ જતું હતું. આજ જેવી નિરાંત અને આરામ આ પહેલાં તેના નસીબમાં નહોતા. તેને એમ થયું કે ખાટલા પર પહોળી થઇને સુઇ જાય. પટેલ હોત તો તેને હાથ-ગુડા દબાવવાનું પણ કહી દેત. પણ એવું ક્યારેક થયું હોય તો આજે થાય ને, કામ કરતા માણસનું ન તો ક્યારેય શરીર દુઃખે કે હાથ પગ તૂટે. દુઃખાવો અને પીડા એ તો આરામ કરતાં માણસના બહાનાં છે.

પટલામી ખાટલા પર આડી થઇ બેઠી. ભૂત તેની પાસે આવીને ઊભો રહી ગયો. પટલાણી બોલી, 'બેસ હવે તારી વાત સાંભળું છું. હું કોઇનું કરજ માથે રાખતી નથી. મારા પટેલનું પણ નહીં.'

ભૂત જમીન પર પલાંઠીવાળીને બેસી ગયો. મેં તારું કામ હળવું કરી દીધું. હવે તું બે ઘડી પોરો ખાઇ શકે છે. પણ એ પહેલાં એક વાત સાચે સાચી કહેજે. મારી વાત સાંભળવાને બહાને તને મનમાં એમ નથી થતું કે ઘડીક સાથે વાતો કરું.'

આખો દિવસ ખેતર અને ઘરનાં કામ કર્યા પછી આંજે વાળુ કરીન પટેલ પટલાણી રાતે ખાટલામાં સુવે ત્યારે પટલાણીને પટેલ સાથે વાતો કરવાનું મન થતું. પણ થાકેલો પટેલ ક્યારેય ધ્યાનથી તેની વાત સાંભળતો નહીં. પછી પોતાની વાત કરવાની તો વાત જ ક્યાંથી આવે. આમ તેમ બહાનાં કાઢી તે નસકોરાં બોલાવવા લાગ્યો. તે કહેતો, 'પટેલ - ખેડૂતના નસીબમાં વાતો કરવાનું સુખ લખ્યું જ નથી.'

ભૂતની વાત ખીલી પર હથોડી વાગે તેમ પટલાણીના દિલમાં ખૂંચી ગઇ. પટલાણી ચૂપ રહી છે. ભૂત બોલ્યો, 'માણસ સુખ મેળવવા માટે કોઇ સાથે વાત કરવા માંગે છે. વાત કરવાની મન હળવું થાય છે એ પારકું પણ પોતાનું લાગવા માંડે છે.'

'તું તારું દુઃખ હળવું કરવા આવ્યો છે કે પછી પારકાને પોતાનાં બનાવવા માંગે છે?' પટલાણીએ સીધું જ કહી દીધું, 'મારો પટેલ છે સમજ્યો ને, બીજું કંઇ વિચારતો પણ નહીં.'

'હું એવું ક્યાં વિચારું છું. હું એવો નથી. હું તો ભૂત છું. ફક્ત વાતો કરવા આવ્યો છું. જેનાથી તારું અને મારું બંનેનું મન હળવું થાય.'

'એ તો ઠીક છે. પણ મને એ બતાવ કે મન હળવું કરવા માટે તને હું જ કેમ મળી? બીજું કોઇ નહીં' પટલાણી ખીંજાઇ.

ભૂત આ સવાલ માટે તૈયાર જ બેઠો હતો. તેણે કહ્યું, 'બીજું કોણ મળે, ત્યાં ભૂતડી તો આંજણી આંજીને બેઠી નથી કે હું જઇને કહું અને એ સાંભળે. બસ એથી જ હું કોઇ એકલું માણસ હોય તેને શોધું છું. ભૂત બિલકુલ એકલો હોય છે. અને એકલો માણસ પણ ભૂત સમાન જ હોય છે. જયારે બે એકલા પહેલાં મળે અને બેસીને વાતો કરે ત્યારે તેમની એકલતા દૂર થઇ જાય છે અને થોડીવાર માટે ભલે, ભૂતમાંથી માણસ બની જાય છે.'

'પણ હું એકલી ક્યાં છું. મારી સાથે તો મારો પટેલ છે. તે મને ખુબ ચાહે છે પ્રેમ કરે છે. તેના હૈયે વળગાડી રાખે છે.'

'પટલાણી તું માને કે ન માને પણ તું એટકલી જ છે. બિલકુલ એકલી. જેટલો હું એકલો છું. કેમ કે જેને તું ચાહવું અને પ્રેમ સમજે છે તે ખરેખર પ્રેમ છે જ નહીં.' ભૂત બોલ્યો.

(ક્રમશઃ)

વાહ, શું જમાનો હતો...!! ગુજરા હુઆ જમાના આતા નહીં દોબારા..!!

દસમાંથી એકના કાંડે ઘડિયાળ હતી, પણ સમય તો બધાની પાસે ખૂબ હતો સાયકલ સવારી તો સન્માનનીય હતી, અને આખર તારીખની ઉધારી હતી

મધ્યમ વર્ગની મજેદાર વાતો, આજે ૧૯૭૦ થી ૯૦ ની વચ્ચે ઉછરેલા અને મધ્યમ વર્ગમાં અનેક સંઘર્ષો વચ્ચે ય જે આનંદ મેળવેલો એની કેટલીય યાદ તાજી કરવી છે. આમ તો ૧૫ થી ૩૫ વચ્ચેના યુવાનો માટે લખવાનો આગ્રહ રહ્યો છે, પણ આજના યુવાનોને એમનાં મા-બાપની પૈસાની ખેંચ વચ્ચે માણેલી ક્ષણો એમની સમક્ષ મુકવી છે...

અભ્યાસ તો મોટા ભાગના એ સરકારી સ્કૂલોમાં વગર ટ્યૂશને કરેલો અને છતાંય મોટા ભાગના સમાજમાં સન્માનનીય જગ્યાએ બિરાજે છે... એ જમાનામાં ટ્યૂશન તો માત્ર ઠોઢ વિદ્યાર્થીઓ માટે જ હતું અને એટલે એ સંતાડીને કરાતું. ૬૦-૬૫ ટકા એ તો વર્ગમાં પ્રથમ નંબર મળી જતો... વેકેશન બેચ - કેશ કોર્સ - સમર કેમ્પ - હૉબી કલાસની જગ્યાએ વેકેશનનો સીધો અર્થ મામાનું ગામ, ખેતર, નદીમાં ભૂસકા, આંબલી-પીપળી, કેરીઓ ચૂસવાની એવો જ થતો...

સ્કૂલની જ વાત ચાલે છે તો કંપાસ તો બધા પાસે કેમ્લીનનો જ રહેતો. નટરાજ અને ફલોરા પેન્સિલ મળે, અણી કાઢવાનો સંચો આખા વર્ગમાં એકાદ જણ પાસે હોય, બાકીના પાસે પપ્પાની દાઢી કરીને ઉતરી ગયેલી ટોપાઝ બ્લેડનું અડધીયું જ મળે! માધ્યમિક સ્કૂલમાં છોકરા-છોકરી એકબીજા સાથે વાત ન કરે, શિક્ષકે કોઇ છોકરાની ચોપડી ભણાવવા લીધી હોય અને છોકરીની બેન્ચ પર મૂકે તો છોકરી એ ચોપડીને પણ અડતી નહીં! સ્લેટ ભૂંસવા માટે ઇન્જેકશનની ફેંકી દીધેલી બાટલી, એના પર બૂચ અને ફેંકી દીધેલી સોયમાંથી પિચકારી બનાવી ઉપયોગ થતો... સ્લેટ પર લખવાની પેન લખવા કરતાં ખાવામાં વધુ વપરાતી. પેન્સિલ મમ્મીના કબાટમાં રહેતી અને છેલ્લો ટૂકડો વધે ત્યારે ફાઉન્ટેશન પેટનના ઢાંકણામાં ભરાવીને વાપરવી પડતી!!

સાયકલનો જમાનો હતો, પોતાની સાયકલ હોવી એ ગર્વની બાબત કહેવાતી. જેની પાસે સાયકલ ન હોય એ ભાડે લાવતા. રેલે - હરક્યુલસ - એવન એવી બ્રાન્ડ સાયકલ જ મળતી. દરેકના પરિવારમાં ચાર-પાંચ બાળકો હોવા એ સામાન્ય હતું. પરિવાર સાથે ફરવા જવાનું હોય ત્યારે મિત્રોની સાયકલ માંગી લવાતી. ત્રણ-ચાર સવારી સાયકલ ચલાવાતી, સાયકલ એ પપ્પાની માલિકીની હતી અને એકાદ આંટો મળે એય નસીબદાર કહેવાતો. બાળકો માટે ૨૫ પૈસે કલાકના હિસાબે સાયકલ ભાડે મળતી...

સાયકલના પંખામાં પેન્ટ ભરાઇ ને ફાટવાની, ચેન ઉતરી જવાની, વાલ ટ્યુબ ફાટી જવાની, ભડાકો થવાની, ઘંટડી ચોરાઇ જવાની ઘટનાઓ બનતી. મોટા ભાગના સૌના પેન્ટની મોરી સાયકલના પંખામાં ભરાઇને કાળી જ રહેતી. પેન્ટને બચાવવા પગમાં ભરાવવાની રિંગ મળતી! સાયકલના કેરિયરમાં દયણાનો કે તેલનો ડબ્બો - બરણી ભરાવાતી અને કેટલીય વાર કેરિયરમાંથી છટકીને લોટ ઢોળાયાના કે તેલ વેરણ-છેરણ થવાના કિસ્સા બનતાં અને ઘરે આવી એ બાબતે ધોલ ધપાટ પણ થતી. સ્કૂલમાં કે પડોશમાં સાયકલમાંથી હવા કાઢી આવવાની મજા લગભગ બધાંએ માણી હશે!' અરે હા, નવી સાયકલ ના પેંડા પણ વહેંચાતા!

કપડાંમાં જયારે પહેલીવાર 'બેલ બોટમ' પેન્ટ કે 'મેક્સિ' લાવી અપાતી તો એ ખૂબ ગૌરવની વાત કહેવાતી. સ્કૂલ યુનિફોર્મ સિવાય નવાં કપડાં માત્ર દિવાળીએ જ મળતાં અને એ પણ એક તાકામાંથી સિવડાવેલાં! અમિતાભના સેટ વાળની ફૅશન ચાલેલી એટલે વાળ સેટ કરાવી મશિન મરાવે, માથું ૧૫ દિવસ ધોવાનું નહી અને ગોળ કાંસકો લઇ વાળ પર ફેરવ્યા કરવાનો, બચ્ચના પિક્ચરનો ક્રેજ બહું હતો... પપ્પાના કાંડે એચ.એમ.ટી. ઘડિયાળ હોય એટલે પ્રાઉડ ફીલ કરે, એને રોજ ચાવી પણ ભરવી પડે, બાળકોને તો દસમામા સારા ટકા આવે તો જ ઘડિયાળ મળતું, ચાવીવાળા અલાર્મ ઘડિયાળનું ચલણ હતું...

સ્કૂલમાંથી છૂટીને આવ્યા બાદ દફતર ફેંકી સીધું રમવા જવાનું. દફતરમાં જો એલ્યૂમિનિયમની પેટી હોય એનો પાછો વટ પડતો. સાંજે ૭ વાગે ભગવાનને દીવો કરી હોમવર્ક પતાવી, જમવા મળતું અને ફરી પાછા વાતો કરવા સોસાયટીમાં બધાં ભેગાં મળતાં... પાંચ-પચ્ચીસ ઘરમાં જો કોઇ બજાજ સુપર, લેમ્બેટા કે વિજય - પ્રિયા સ્કૂટર હોય તો એ માલદાર કહેવાતો. માલદાર લોકો સિંગ તેલનો ડબ્બો લાવતાં બાકી બધાં બરણીમાં બે-પાંચ કિલો તેલ વેચાતું લાવતાં. સ્કૂટરને કિક મારી ચાલુ કરીને ભાગી જવાનું પરાક્રમ બધાં કરતાં. કોઇકના ઘરની બેલ મારી ભાગવું, બંધ ઘરની બેલની સ્વીચમાં સરકડી ભરાવી સતત બેલ વાગતી કરવી એવાં તોફાનો થયાં...

રેશનીંગની દુકાનોથી ખાંડ બધાં અચૂક લાવતાં, પણ ત્યાં મળતું પામોલિન તેલ કોઇ ન લેતું, જે લાવતાં એ સંતાડીને લાવતાં, કેરોસીનના પ્રાયમસ દિવેટવાળા અને બર્નરવાળા આવતાં અને એ રિપેર કરવા માટે દાઢીવાળા ચાચા જ આવતાં... કેરોસીનની લારી અઠવાડિયે આવતી અને એ લેવા લાઇન લાગતી, કેરોસીન વાળો ફીણ ચઢાવી કેરોસીન ઓછું પણ આપતો!! ફાટેલા પેન્ટના કપડામાંથી સિવેલી થેલી શાકભાજી લાવવા વપરાતી, પ્લાસ્ટીકનો ઉપદ્રવ નહોતો... દૂધ આપવા દેહાઇ આવતાં અને પાણીના મિલાવટની માથાકૂટ કાયમી રહેતી...

રૂપિયામાં કોબી-ફૂલાવરના દડા મળતાં ભટા રિંગણા તો મફત મળતાં. ગવાર માત્ર ભેંશો જ ખાતી અને સરગવો હંમેશા મફત મળતો. મિઠાઇમાં માત્ર સુખડી બનતી અને કેરીઓ કાચી લાવી પકવી પછી રસ ઘોળાતો, રેડિમેટ નહીં જ... દસ પૈસામાં આદું-મરચાં - ધાણાંનો મસાલો મળતો. દરેક વસ્તુની ઉધારી હતી, કરિયાણું - દૂધ - સ્ટેશનરી - કપડાં, પૈસા બધાં હમામાં જ ચૂકવાતાં. છોકરાઓના વાળ કેચીકટ કે તપેલીકટ કપાતાં અને છોકરીઓના વાળ શિકાકાઇ કે અરિઠાંથી ધોવાતાં... પડવું - વાગવું - છોલાવું - પાટા-પીડીં બહુ સામાન્ય, પાકવાનું - ગુમડું, સાયકલમાં પગ આવી જાય, સરકારી દવાખાને એકલાએ જ જવાનું અને લાઇનમાં બેસી સોયા જેવી જાડી સોંય ઉકળતાં પાણીમાંથી કાઢી કંપાઉન્ડર ભોંકી આપતો, એને ધનૂરનું ઇન્જેકશન કહેવાતું!

વેકેશનમાં ધાબા પર જ ઉંઘવાનું. રમતો તો અનેક હતી. એમાંય નવો વેપાર-કેરમ - પત્તા વધુ ફૅમસ. વાંચવામાં ફૂલવાડી અને ચંપક મળતું. બપોરે ઘઉં વીણવા બેસવાનું ફરજીયાત હતું અને પછી જ બરફનો ગોળો કે કુલ્ફી મળતી... ફિલ્મની પટ્ટી, હિરોના ફોટા, માચીસના ખોખા જેવી રમતોમાં રોમાંચ જોરદાર હતો. ઉજાણીમાં મમરા અને પપૈયા કે કાચી કેરીનું કચુંબર રહેતું. લખોટી રમવી અને ભેગી કરવી, ભરમડાં, સાયકલનું ટાયર દોડાવવું, ગીલી-દંડો, કબડ્ડી આ બધી જ રમતો રમાતી. રાત્રે આઇસ-પાઇસ કે ચોર-પોલીસ, સંતાકૂકડીની રમત સાથે સોસાયટીમાં કોલાહલ મચી જતો...

ક્રિકેટ તો દિવાલે કોલસાથી સ્ટમ્પ દોરીને, સાયકલના પાછળા ટાયરને સ્ટમ્પ બનાવી રમાતું. જેની પાસે બેટ એને પહેલી બેટીંગ જ મળતી. રબ્બરનો લાલ બોલ મોટેભાગે વપરાતો, ટેનિસ બોલ પૈસા ભેગા કરીને ખરીદી કરાતો. બૂચ બોલ, પ્લાસ્ટીકની દડી કે કશું જ ન હોય તો સ્કૂલમાં કાગળના ડૂચા પર છાપાના રબ્બરની કાળી રિંગો ચઢાવીને બનાવેલો બોલ વપરાતો. દૂધ પીતો કે કાચો ખેલાડી એ નાના છોકરાં કહેવાતા. ક્રિકેટની કેપ ખરીદી લાવવી એ પણ એ મોટી વાત કહેવાતી!

વેકેશનમાં જંબો સર્કલ જોવા લઇ જવાતા. ચળકતા કપડામાં આવતી ટૂંકા સ્કર્ટવાળી છોકરી, ફૂટબોલ રમતો હાથી, જૉકરનો પેન્ટ ઉતરતો ભૂસકો, મોતના કૂવા વાળી મોટર સાયકલ અને પ્રાણીઓના ખેલ બધું જ મજા પમાડતું... રેડિયો પણ શાનની વાત હતી એમાંય બિનાકા ગીત માલા, હવા મહેલ અને ક્રિકેટ કોમેન્ટ્રી વધુ સંભળાતી, ગેલેરીમાં લાંબી ઝાળીવાળું એન્ટેના એ વાલ્વવાળો મોટો રેડિયો હોવાની સાબિતી આપતું...

ટેલિફોન ઘરમાં હોવો એ તો બહુ મોટી વાત હતી. પડોશીનો નંબર બધાં ઓળખીતાને અપાતો અને એને પીપી નંબર કહેવાતો. ઘણાં તો એમનાં વિઝીટીંગ કાર્ડમાં પણ પીપી નંબર છાપતાં, ફોન બુક કર્યા પછી સાતેક વર્ષે નંબર લાગતો. ફોનનો માલિક પાડોશીનો ફોન આવે તો એમનાં છોકરાને બોલાવવાં મોકલતાં... આઇસ્ક્રીમમાં વેનિલા-ચોકબાર બે જ ફૅમસ.

જો તમારા ઘરે ટીવી હોય તો પાડોશી ચિત્રહાર જોવાં કે રવિવારે ફિલ્મ જોવા ભેગા થાય એ બહુ સામાન્ય વાત હતી. વેસ્ટન અને કાઉન ટીવી જ મોટે ભાગે હતા. બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી આગળ પાછાં બે-ત્રણ કલર વાળા ગ્લાસ ક્લિપ મારીને લગાડાતાં, એન્ટેના હલી જવાથી પિક્ચર હલવા લાગે ત્યારે તરત બધાં એન્ટેના સીધું કરતાં દોડી જતાં. ક્રિકેટરો સફેદ કપડાં પહેરતાં હોવાથી બ્લેક એન્ડ વ્હાઇટ ટીવીમાં તરત દેખાતાં હતાં!

૧૯૮૨માં ઓશિયાડના અપ્પુ સાથે બધાંના ઘરે ટીવી આવવાં શરુ થઇ ગયા, જાતે ટીવી ખરીદી લાવ્યાનો આનંદ હતો તો બીજાના ઘરે નહીં જવા મળેનું દુઃખ પણ થતું, બીપીએલનું કોર મોડેલ કલર ટીવી હોવું એ ગૌરવ કહેવાતું...

જો કોઇ નેતા મરી જાય તો ટીવી પર શાસ્ત્રીય સંગીત અને રેડિયો પણ રોતલ ટ્યૂન વાગતી એટલે ખબર પડે કે કોઇક ગયું. ટીવી ન્યૂઝ રીડર સલમા સુલતાનને વધારે શોક લાગતો એ કાયમ રોતડ રહેતી તો શમ્મી નારંગ સમાચાર વાંચ્યા બાદ પેન ખિસ્સામાં મૂકતો! બધાંના ઘરમાં ફ્રિજ અને ટીવી એ ગેજેટ્સ હતાં, અને મિક્ષર પણ લોકો એકબીજાનું માંગી લાવતાં... વાટકી વહેવારમાં ખાંડ-ચા-મરચાં માગી લવાતાં તો મહેમાન આવે ત્યારે કપ-રકાબી-શેતરંજી-ચાદર પણ માંગવામાં સંકોચ નહોતો!!

ફોટો પડાવવો એ બહુ મોટી વાત કહેવાતી. વર્ષમાં એકાદ વખત ફેમિલી ફોટો બ્લેક એન્ડ વ્હાઇટ પડાવાતો. જો પોતાનો કેમેરો હોય તો તો બહુ નસીબદાર કહેવાય. ૩૬ ફોટોના રિલવાળો હોટશોટનો પાતળો કેમેરો વધુ ચલણમાં હતો. ફરવાના સ્થળે કેમેરા પણ ભાડે મળતાં. ટાઇમર વાળા કેમેરાથી ગ્રુપ ફોટો લેવાતો. ઘણીવાર એક રોલ પુરો કરતાં છ મહિના થતાં અને એ ધોવડાવવાના પૈસા પણ ભેગા કરવાં પડતાં... પગરખાંમાં સ્લિપર સામાન્ય હતી તો કેનવાસ સૂઝ જ પહેરાતાં... ઘરની બહાર ચૂલા પર ગરમ પાણી થતું તો, ચોમાસામાં કોઇકના ઘરનાં ઓટલે ગોટલી શેકવાનું કામ થતું. ન ફૂટેલા ફટાકડા, વિણવાય જતાં અને ધૂળેટીએ કાળો ડામર લઇ લોકો પાસેથી પૈસાય ઉઘરાવતાં... વાહ, શું જમાનો હતો, શું મજા હતી... આ યાદી તો ખાલી એક હાઇલાઇટ્સ છે બૉસ, મજા માણ્યાંની !!

ચૂંટલો : બાળપણમાં રૂપિયાવાળા ચાંલેદાર ઢાલ પકડવા બે કિ.મી. દોડતાં ત્યારે પગમાં કેટલાયં કાંટા વાગતા, એ પતંગ પકડી લાવવી એક ચેલેન્જ હતી, આજે હવે સમજાય છે કે ખુશી મેળવવા દોડવું પડે છે એ કોઇ દુકાનમાં રેડિમેડ વેચાતી નથી મળતી.

પ્રેમની પૂર્ણતા એટલે પ્રેમનું પ્રાગટ્ય

દરેક સંબંધને એક ચોક્કસ નામ હોય છે, કોઇને કોઇ નામ આપવામાં આવે છે, પરંતુ પ્રેમને કોઇ નામ આપવામાં આવતું નથી, પ્રેમનું ગણિત કંઇક અજબ છે

ગુલમહોર

- દિનેશ દેસાઇ

દુનિયામાં મોહક યા મુગ્ધ કરી દેનાર સ્મિત તરીકે મોનાલિસાનું સ્મિત સદીઓથી જાણીતું છે.

મોનાલિસા ના સર્જક લિયોનાર્ડો દ વિન્ચીની ઘણી બધી કૃતિઓ પ્રસિદ્ધ અને જાણીતી છે. ધ વિન્ચી કોડ દ્વારા પણ તેઓ જાણીતા છે. ૧૫મી સદીમાં થઈ ગયેલા મશહુર ચિત્રકાર લિયોનાર્ડો દ વિન્ચી (૧૪૫૨-૧૫૧૯) એક મહાન દાર્શનિક પણ હતા. તેમનાં ચિત્રોમાં વિચાર-ચિંતન અને ગૂઢવાદ પણ છુપાયેલો જોવા મળે છે.

મોનાલિસાના સર્જક પ્રેમ વિશે કહે છે કે - પ્રેમમાં પરસ્પરનો આદર, સદભાવ અને સ્વીકાર મહત્વનો છે. માત્ર એક જ પક્ષ આદર આપે અથવા એક જ પક્ષ સ્વીકાર કરે તેમાં પ્રેમ નથી. પ્રેમની પૂર્ણતા એટલે પ્રેમનું પ્રાગટ્ય.

પ્રેમ માટે હંમેશા અતિરેકની વાત કરવામાં આવે છે. ઊર્મિનો ઉભરો એટલે પ્રેમ એવું કહેવાય છે ત્યારે ઓશોનું વિધાન યાદ આવે. તેમણે કહેલું કે, જયારે તમારી ભીતરમાંથી કશુંક અતિરિક્ત પ્રગટે તો એ પ્રેમ માનજો. અતિરિક્ત - વધારાની લાગણીની છાલક. ઓશોએ વનસ્પતિ-વૃક્ષ-છોડનું દૃષ્ટાન્ત આપ્યું.

તેમણે કહ્યું કે જયારે વનસ્પતિનો આવિર્ભાવ થાય ત્યારે મૂળ જ હોય. મૂળને પોષણ મળે પછી એ નિખાર પામે છે, ઉછેર પામે છે. મૂળ પછી ડાળ, શાખાઓ અને પાંદડા વિકસે છે. આમ તમામને પોષણ મળી ગયા પછી તૃપ્તિના અંતે કળી અને ફૂલ તથા એ પછી ફળનું સર્જન થાય છે. આમ કહીને ઓશોએ એવો તર્ક આપ્યો હતો કે ફૂલનું સર્જન એ છોડ યા વનસ્પતિના સંતોષ અને સંતર્પક અવસ્થાની નિશાની છે.

દરેક સંબંધને એક ચોક્કસ નામ હોય છે. કોઈને કોઈ નામ આપવામાં આવે છે. પરંતુ પ્રેમને કોઈ નામ આપવામાં આવતું નથી. પ્રેમનું ગણિત કંઈક અજબ છે. પ્રેમનો સરવાળો કરો તો પણ પ્રેમ, પ્રેમનો ગુણાકાર કરો તો પણ પ્રેમ, પ્રેમનો ભાગાકાર કરો તો પણ શેષ - નિઃશેષ બચે એનું નામ પણ પ્રેમ. પ્રેમમાંથી પ્રેમ બાદ કરો તો પણ પ્રેમ જ મળે. આ છે પ્રેમનું ગણિત.

પ્રેમમાં સ્વીકાર અને એકરાર જરુરી ખરો પરંતુ પ્રેમના આવિર્ભાવમાં કોઈ શરતોને સ્થ